પ્રાંતિજ ખાતે શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ દાદાની તેરસની ઉજવણી કરવામાં આવી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તપોધન ફડી ખાતે આવેલ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ દાદાની તેરસ ની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી તો વહેલી સવારથી જ શિવભક્તો સહિત રાવલ સમાજના ભાઈ બહેનો મંદિર ખાતે ઉમટી પડ્યા હતા. પ્રાંતિજ તપોધન ફરી ખાતે આવેલ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ દાદાની જન્મ જયંતી ને લઈને રાવલ સમાજના ભાઈઓ તથા શિવ ભક્તો વહેલી સવારથી જ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે ઉમટી પડ્યા હતા તો મંદિર સહિત મંદિર સંકુલમાં ફૂલો દ્વારા સજાવટ કરવામાં આવી હતી જ્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ દાદાની પૂજા આરતી સાથે ધજા બદલવામાં આવી હતી તો આ વર્ષે ભોજન ના દાતા સુરેન્દ્ર ભાઈ નટવરલાલ રાવલ દ્વારા રાખવામાં આવ્યું હતું તો દાદાની તેરસને લઈને પ્રાંતિજ ખાતે રહેતા રાવલ સમાજના ભાઈઓ બહેનો તથા બહારગામ રહેતા અમદાવાદ મુંબઈ ગાંધીનગર હિંમતનગર ભાઈ બહેનો પણ એક દિવસ પૂરતું ચોક્કસ આવે છે અને દાદાના દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવે છે તો દર વર્ષની જેમ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ દાદાની તેરસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી અને પ્રાંતિજ તથા આજુબાજુમાં રહેતા રાવલ સમાજના ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

નાયક સમાજનો યુવાન એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં ફર્સ્ટ ગ્રેડ સાથે પાસ કરી...

તલોદ તાલુકાના નાનાચેખલા ના બાબુલાલ ગુલાબચંદ નાયક (હિંમતનગર) ના પુત્ર શ્રી કૃષ્ણ નાયકે વડોદરાની સુમનદીપ વિદ્યાપીઠ મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ.ની ફાઇનલ વર્ષની પરીક્ષામાં ફર્સ્ટગ્રેડ સાથે પાસ થઈ અસાઈત નાયક સમાજનું ગૌરવ વધાર્યું છે.નિવૃત્ત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારના પુત્રની આ વિરાટ સિદ્ધિ બદલ અસાઈત નાયક સમાજ યુવા સંગઠન પ્રમુખ ડો.અતુલ ભાઈ નાયક,શ્રી નવસંસ્કરણ નાયક વિકાસ મંડળના પ્રમુખ ડો.જગદીશ ભાઈ નાયક, ડો.અશ્વિન ભાઈ, ડો વિજય ભાઈ નાયક (ગાંધીનગર) સહિત સમાજના અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા છે.નાયક સમાજનો વધુ એક યુવાન મેડિકલ ક્ષેત્રના અભ્યાસમાં સફળ થયો હોવાથી સમાજમાં આનંદ છવાયો છે.

મુખ્યમંત્રીના અંગત સચિવેપરિવાર સાથે અંબિકા માતાજીના દર્શન કર્યા

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અંગત સચિવ નયનેશ દવેએ પરિવાર સાથે આજે યાત્રાધામ ખેડબ્રહ્માના અંબિકા માતાજીના દર્શન કર્યા હતા. સાબરકાંઠા જીલ્લાના ડીએફઓ વનરાજસિંહ ચૌહાણ તથા મંદિર ટ્રસ્ટના મેનેજર ઘનશ્યામસિંહ રહેવરે સ્વાગત કર્યું હતું. વિશ્વમાંથી કોરોના નાબુદ થાય તે માટે નયનેશ દવેએ માતાજી સમક્ષ પ્રાર્થના કરી હતી.

ડીસાના વાડીરોડ વિસ્તારમાં વર્ષોજુનું ઝાડ ધરાશાઈ થતાં અફડાતફડી મચી

ડીસા શહેરના વાડીરોડ વિસ્તારમાં આવેલ બ્રહ્મપુરીના નાકે હનુમાનના મંદિર પાસે વર્ષો જુનું ખખડધજ નપીપળાનું વૃક્ષ અચાનક ધરાશાઈ થતા લોકોમાં ભયનો માહોલ સાથે અફડાતફડી મચી હતી. ધડાકાભેર વૃક્ષ ધરાશાઈ થતા વૃક્ષ નીચે એક સ્વિફ્ટ કાર ઉભેલી હતી તેમજ બાજુમાં વિજ થાંભલો અને હનુમાન મંદિરને પણ મોટું નુકસાન થયાનું જાણવા મળે છે સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. જો કે ચોમાસા પૂર્વે ઘાટ ટળી જતા રહીશોએ હાશકારો અનુભવ્યો હતો.

સુપ્રસિદ્ધ શામળાજી મંદિરમાં બિરાજતા કાળીયા ઠાકોરના ગર્ભગૃહનું પ્રવેશદ્વાર સોનાથી દૈદિપ્યમાન....

એક ભક્તે ૭ લાખ સોનાનું દાન

સમગ્ર દેશ-વિદેશમાં પ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી ખાતે બીરાજતા શ્રી ગદાધર ભગવાન વિષ્ણુના પાવનકારી દર્શન કરવા મોટી સંખ્યામાં ભક્તો આવે છે શામળાજી મંદિરમાં બિરાજતા ભગવાન કાળીયા ઠાકોર અખૂટ શ્રધ્ધા ધરાવતા ભક્તો તરફથી શામળાજી મંદીરને સોના-ચાંદીનું દાન કરવામાં આવે છે ત્યારે એક ભક્ત દ્વારા શામળાજી મંદિરના ગર્ભગૃહમાં બિરાજતા ભગવાન શામળિયાના પ્રવેશદ્વારને એક ભક્તે ૭ લાખ રૂપિયાના ખર્ચે સ્વર્ણ જડીત બનાવવા માટે સોનાનું દાન કરતા મંદિર ટ્રસ્ટે પ્રવેશદ્વારને સોનાથી મઢવામાં આવતા મંદિર ટ્રસ્ટીઓ અને ભક્તોમાં આનંદ છવાયો હતો . શામળાજી મંદિર ભગવાન શ્રી કૃષ્ણના ભક્તોની આસ્થાનુ કેન્દ્ર છે. હજારોની સંખ્યામાં ઠેર ઠેરથી શ્રદ્ધાળુઓ દર્શનાર્થે અહી આવે છે અને શામળા શેઠના દર્શન કરીને ધન્યતા અનુભવે છે. શામળાજી મંદિરમાં આસ્થા ધરાવતા એક ભક્તે ૭ લાખથી વધુની કિંમતના સોનાનું દાન કરતા મંદિર ટ્રસ્ટે ગર્ભગૃહમાં બિરાજતા કાળીયા ઠાકોરના પ્રવેશદ્વારને સોનાથી શણગારી પ્રવેશદ્વાર પર સોનાથી ભગવાનના વામન,કલગી અને નરસિંહ જેવા જુદા-જુદા અવતાર કંડારાયા હતા ગર્ભગૃહનું પ્રવેશદ્વાર સ્વર્ણ જડીત બનાવવા માટે ૭ લાખનું ગુપ્ત દાન અપાનાર ભક્તનો મંદિર ટ્રસ્ટ અને ભક્તોએ આભાર વ્યક્ત કર્યો હતો.

પ્રકૃતિમાં ફેરફાર મુજબ આદિવાસી ખેડૂત આગામી ચોમાસાનો વર્તારો મેળવતા હોય છે

જિલ્લામાં વડ, ખાખરો, ચણવી, ગજકર્ણી સહિતના વૃક્ષ-વનસ્પતિઓએ સારા વરસાદના સંકેત આપ્યા





બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૪

આ વર્ષે પ્રકૃતિએ સારા વરસાદની આશા જન્માવી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના આદિવાસી ખેડૂતો હંમેશાં પ્રકૃતિમાં થતા ફેરફારનો અભ્યાસ કરી આગામી ચોમાસાનો વર્તારો મેળવતા હોય છે જેમાં આ વખતે વડ, ખાખરો, ગજકર્ણ અને ચણવી સહિતના વૃક્ષોએ ચોમાસુ એકંદરે સારુ રહેવાના સંકેત આપ્યા છે. પ્રકૃતિના અભ્યાસુઓનું માનીએ તો આ વખતે વડના વૃક્ષને સીઝનમાં બે વાર ટેટા બેઠા છે. ખાખરાના વૃક્ષ ઉપર પુષ્કળ ઝૂંપણો આવી તેમજ ચણવીના છોડ ઉપર અઢળક ફળ આવ્યાં છે જેના કારણે સારો વરસાદ થવાની આશા પ્રબળ બની છે.

ખેડૂતોને હવામાન વિભાગની આગાહીઓ કરતાં પરંપરાગત વર્તારાઓ ઉપર સારા ચોમાસાની વધુ આશા રહેતી આવી છે. હોળીની જવાળા, અખાત્રીજનો પવન અને ચૈત્રી દનયાના તાપ ઉપરથી ખેડૂતો આગામી ચોમાસામાં કેવો વરસાદ વરસશે તેનું અનુમાન કરતા હોય છે અને તે મુજબ ખેડૂતો ખેતી પાકનું પણ આયોજન નક્કી કરતા હોય છે. ખાસ કરીને ચોમાસુ ખેતી ઉપર નિર્ભર રહેતા સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના આદિવાસી વિસ્તારોના ખેડૂતોનું જીવન પ્રકૃતિના સાનિધ્યમાં ઓતપ્રોત હોવાથી ચોમાસુ નજીક આવે એટલે અભ્યાસુ ખેડૂતો વનસ્પતિઓ તેમજ વૃક્ષોમાં ફેરબદલાવ જોઈ ચોમાસાનો તાગ મેળવતા હોય છે. સાબરકાંઠામાં પ્રકૃતિ બચાવવા માટે હંમેશાં તત્પર રહેતા અભ્યાસુ શિક્ષક બીરબલ રાઠોડે જણાવ્યું કે આ વખતે એકંદરે ચોમાસુ સારુ રહેવાના સંકેત પ્રકૃતિએ આપી દીધા છે જેમાં આદિવાસી વિસ્તારોમાં વડલાના વૃક્ષ ઉપર ફરીથી ટેટા બેસવા, ખાખરાના વૃક્ષ ઉપર પુષ્કળ પ્રમાણમાં કુંપળો ફૂટવી તેમજ ચણવીના છોડ ઉપર પણ મોટી માત્રામાં ફળ બેઠાં છે જેના કારણે આ વખતે ચોમાસાની સીઝનમાં સારા વરસાદના સંકેત ઘણી શકાય. જે રીતે ભડલી વાક્યોના આધારે અભ્યાસુઓ ચોમાસાનો વર્તારો મેળવતા હોય છે તેમ પ્રકૃતિમય જીવન જીવતા આદિવાસી ખેડૂતો વર્ષોથી પરંપરાગત કોઠાસૂઝના આધારે પ્રકૃતિનો સુખ જોઈ ચોમાસાની આગાહી કરતા હોય છે. ટૂંકમાં આ વખતે જંગલ વિસ્તારમાં પ્રકૃતિએ સારા ચોમાસાના સંકેત અગાઉથી આપી દેતાં આદિવાસી ખેડૂતોએ આગામી ચોમાસાની તૈયારીઓ કરી છે.

ખાખરાની કૂંપળો સૂકાઈ જાય તો વરસ નબળું

પ્રકૃતિના અભ્યાસુઓનું માનવું છે કે ખાખરાની કૂંપળો આવ્યા પછી જો તે ઝડપથી સૂકાઈ જાય તો વર્ષ નબળું જઈ શકે પરંતુ આ વખતે ખાખરાના વૃક્ષો ઉપર પુષ્કળ પ્રમાણમાં કુંપળો આવ્યા પછી હજુ સુધી તે સૂકાઈ નથી જેથી સારા વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

હિંમતનગર ખાતે નર્સિંગ કૉલેજોનો સેરિમની ફેશર પાર્ટી તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

૩૮૩ વિદ્યાર્થીઓએ શપથ લીધા : વિરપુર, પ્રાંતિજ, તલોદ ચિત્રિણી નર્સિંગ કોલેજોનો સેરિમની ફેશર પાર્ટી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ, તલોદ, વિરપુર (હિંમતનગર) ખાતે આવેલ ત્રણેય ચિત્રિણી નર્સિંગ કોલેજોનો ઓથટેકીગ સેરિમની ફેશર પાર્ટી તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયો જયારે ૩૮૩ વિદ્યાર્થીઓએ શપથ લીધા હતા.

પ્રાંતિજ રેલ્વેસ્ટેશન ઉપર આવેલ જ્ઞાનયોગ એજ્યુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટ સંચાલિત પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ, ચિત્રિણી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ સાયન્સ કોલેજ વિરપુર (હિંમતનગર) ચિત્રિણી ઈન્સ્ટીટયુટ ઓફ તલોદ ત્રણેય કોલેજો ના વિધાર્થીઓનો હિંમતનગર નગર પાલિકા ના વિશાળ હોલ ખાતે ઓથટેકીગ સેરિમની શપથ સમારોહ યોજાયો હતો જેમા ત્રણેય કોલેજોના કુલ-૩૮૩ વિધાર્થીઓએ શપથ લીધા હતા આ પ્રસંગે સાસંદ દિપસિંહ રાઠોડ, ડાકટર અનિલભાઈ નાયક, ગુજરાત નર્સિંગ કાઉન્સિલ રજીસ્ટ્રાર પ્રજ્ઞાબેન ડાભી, ઋષિક ભાઈ શાહ, એન.એમ.શાહ, કોલેજ સંચાલક નૃપાંશ ભાઈ પટેલ, પ્રાંતિજ પ્રિન્સીપાલ નરેન્દ્રભાઈ શર્મા, વિરપુર (હિંમતનગર) પ્રિન્સીપાલ કિંજલબેન શાહ, તલોદ પ્રિન્સીપાલ તન્મય તન્મય ભાઈ ભટ્ટ સહિત મહાનુભાવો ઉપસ્થિત ઉપસ્થિત રહ્યા હતા અને દિપ પ્રાગટય કરી કાર્યક્રમ ને ખુલ્લો મુક્યો હતો તો આવનાર મહેમાનોનુ પુષ્પ કુંજ દ્વારા સ્વાગત કરવામા આવ્યુ હતુ અને આવેલ મહેમાનો દ્વારા વિધાર્થીઓને કેન્ડલ સેરિમની શપથ લેવડામા આવ્યા હતા વિધાર્થીઓએ શપથ લઈ ને નિષ્ઠા પૂર્વક ફરજ અદાકરવાના શપથ લીધા હતા તો ડાન્સ, ગરબા, ફિલ્મી ગીતો સહિત નો સાંસ્કૃતિક કાર્યક્રમ ભાગ લઈ ને કોલેજ ના વિધાર્થીઓએ આવનાર મહેમાનો તથા વાલીઓ પ્રેક્ષકો ના દિલ પણ જીતી લીધા હતા.

મોંઘવારીના છાજીયા કૂટવા પડે તેવી સ્થિતિ

ઉત્તર ગુજરાતમાં મરણક્રીયાની ચીજોના ભાવ બે વર્ષમાં બમણા

જીવવું તો ઠીક પણ મોંઘવારીમાં મરણ મોંઘું થયું

હિંમતનગર, તા.૧૪

ઉત્તર ગુજરાતમાં મોંઘવારીએ માજા મૂકતાં પ્રજાનું જીવવું અતિ દુષ્કર થયા પછી હવે મરણ પણ મોંઘુ થયું છે જેમાં મરણક્રીયામાં ઉપયોગી એવા વાંસ, કફન અને લાકડાં સહિતની ચીજોના ભાવ બે વર્ષમાં બમણા થઈ ગયા છે. શાકભાજી, દૂધ, પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારાની સાથે મરણક્રિયાના ભાવમાં પણ મોંઘવારીનું ગ્રહણ જોવા મળ્યું છે.

દેશ સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં મોંઘવારીએ મૂકેલી માજાના કારણે જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓના ભાવમાં રોજ વધારો થઈ રહ્યો છે ત્યારે આવી કારમી મોંઘવારીમાં મરવાનું મોંઘુ થઈ ગયું છે. જીવીત વ્યક્તિને મોંઘવારી નડે તે માની શકાય પરંતુ હવે વધતી જતી મોંઘવારીમાં મરણ ઉપયોગી ચીજોના ભાવ વધી જતાં પ્રજાને મોંઘવારી મર્યા પછી પણ નડે તેમ છે. છેલ્લા ૨ વર્ષ દરમ્યાન મરણક્રીયામાં ઉપયોગી ચીજોમાં ભાવ બમણા થયા છે જેમાં વ્યક્તિના મૃતદેહની અંતિમ ક્રીયા માટે જરૂરી વાંસના ટૂકડાથી લઈ કફનનું કપડું પણ મોંઘુ થઈ ગયું છે. મોંઘવારીની અસરના કારણે કફન રૂા.૪૫૦ થી ૫૦૦, બે નંગ વાંસ રૂા.૨૦૦ ઉપરાંત કાથીની દોરી, અબીલ, ગુલાલ, માટલી સહિતના ભાવ વધી ગયા છે. જ્યારે મૃત વ્યક્તિના શરીરને ઢાંકવા સફેદ-લાલ રંગના ઢઢી મીટરના કાપડમાં પણ ભાવ વધારો ઝીંકાયો છે. બે વર્ષ અગાઉ સફેદ, લાલ રંગનું કાપડ રૂા.૧૫૦ના ભાવે મળતું હતું જેની કિંમત વધીને હમણાં ૨૦૦ રૂા. થઈ ગઈ છે. જ્યારે ૧ મણ લાકડાંનો ભાવ રૂા.૧૨૦ સુધી પહોંચી ગયો છે. ટૂંકમાં મોંઘવારીએ જીવન જીવવું દુષ્કર બનાવ્યા પછી મરણ પણ મોંઘુ બનાવી દીધું છે. મરણક્રીયામાં ઉપયોગી ચીજોના ભાવમાં ધરખમ વધારો થયા પછી મરણક્રીયાના ખર્ચમાં થયેલા વધારાથી મરતાં અગાઉ જ મરણક્રીયાની તૈયારીઓ કરી મોંઘવારીના છાજીયા કૂટવા પડે તેવી સ્થિતિ સર્વત્ર જોવા મળી રહી છે.

રાજ્યમાં ડુપ્લીકેટ ચાવીથી વાહન ચોરી કરનાર સાબરકાંઠાના રાસલોડનો વાહન ચોર ઝડપાયો

સ્થાનિક પોલીસ, એલ.સી.બી. વાહન ચોરને પકડવામાં નિષ્ફળ દહેગામ પોલીસે અઠંગ વાહન ચોરને દબોચી લીધો : ઈડર, હિંમતનગર, પ્રાંતિજના વાહન ચોરીના ભેદ ઉકેલાયા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૪

રાજ્યના વિવિધ વિસ્તારોમાં ડુપ્લીકેટ ચાવીથી વાહન ચોરી કરી પોલીસને હંફાવનાર સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રાસલોડ ગામનો અઠંગ વાહન ચોર દહેગામ પોલીસના હાથે ઝડપાયો છે. સ્થાનિક પોલીસ, એલ.સી.બી. વાહન ચોરને પકડવામાં નિષ્ફળ રહી હતી પરંતુ દહેગામ પોલીસે દબોચી લેતાં કુલ-૩૭ ગુનામાં સંડોવણી ખૂલી છે. વાહન ચોર પકડાતાં ઈડર, હિંમતનગર બી-ડીવીઝન અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વાહન ચોરીના ભેદ ઉકેલાયા છે.

વાહન ચોરીના થોકબંધ બનાવો પોલીસ દફતરે દર્જ થતાં પોલીસ ઉંધા માથે થઈ છે. વાહન ચોરીના ગુના ડીટેકટ કરવા માટે ઉચ્ચ કક્ષાએથી આદેશ અપાતાં પોલીસ દ્વારા વાહન ચેકીંગ તેમજ પેટ્રોલીંગ વધારવામાં આવ્યું છે. સાબરકાંઠા જિલ્લામાં છાશવારે વાહન ચોરીના બનાવોથી પોલીસ ઉપર પસ્તાળ પડી રહી છે. રાજ્યભરમાં વાહન ચોરી કરી પોલીસને દોડતી કરનાર પ્રાંતિજ તાલુકાના રાસલોડના વાહન ચોર સંજય ઉર્ફે લાલો જગદીશભાઈ બજાણીયાનું નામ વાહન ચોરીમાં અવાર નવાર સામે આવ્યા પછી તેમની સામે ઈડર, હિંમતનગર અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ગુના નોંધવામાં આવ્યા હોવા છતાં સ્થાનિક પોલીસ અને ચબરાક ગણાતી એલ.સી.બી. પણ આ વાહન ચોરને દબોચવામાં નિષ્ફળ રહી હતી પરંતુ ગત રોજ દહેગામ પોલીસ દ્વારા ડુપ્લીકેટ ચાવીથી વાહન ચોરીને અંજામ આપનાર સાબરકાંઠાના વાહન ચોરને દબોચી લેવામાં સફળતા મળી છે. પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું હતું તે સમયે સદર વાહન ચોર નહેરુ ચોકડી પાસે

જગદીશભાઈ બજાણીયાનું નામ વાહન ચોરીમાં અવાર નવાર સામે આવ્યા પછી તેમની સામે ઈડર, હિંમતનગર અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ગુના શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યો જેથી પોલીસે આગવી ઢબે પૂછપરછ કરતાં બે દિવસ પહેલાં જ દહેગામમાંથી ઘર આગળ પાર્ક કરેલું વાહન ચોર્યું હોવાનું કબુલી લીધું. પોલીસ દ્વારા યોગ્ય સરભરા સાથે વાહન ચોરની પૂછપરછ દરમ્યાન ૩૭ ગુનામાં તેની સંડોવણી ખૂલી છે. છેલ્લા કેટલાય સમયથી સાબરકાંઠા જિલ્લામાં વાહન ચોરીના બનાવોએ પોલીસને દોડતી કરી દીધી હતી પરંતુ સ્થાનિક વાહન ચોર પોલીસના સકંજામાં આવતો ન હતો. ચોરીના બનાવને અંજામ આપ્યા પછી તે સતત સ્થળ બદલતો હોવાથી પોલીસ તેના સુધી પહોંચવામાં નાકામ રહી પરંતુ આખરે દહેગામ પોલીસના હાથે તે ઝડપાઈ જતાં સાબરકાંઠા જિલ્લાની અન્ય વાહન ચોરીના ભેદ હવે ઉકેલાઈ શકે છે. પોલીસની પૂછપરછમાં હાલ તેને ઈડર, હિંમતનગર બી-ડીવીઝન અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનની હદમાંથી વાહન ચોરીને અંજામ આપ્યાનું કબુલી લીધું છે.

વાહન ચોર સામે જિલ્લામાં નોંધાયેલ ગુના..

ઈડર પો.સ્ટે.ગુ.ર.નં.૨૦૭૦/૨૦૧૭ઈ.પી.કો.કલમ-૩૭૯ - હિંમતનગર એ-ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં.૦૦૯ ૨૦૧૯ ઈ.પી.કો.કલમ-૩૭૯ - હિંમતનગર એ-ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં.૦૨૩૨/૨૦૧૭ ઈ.પી.કો. કલમ-૩૭૯ - પ્રાંતિજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૨૮૭૨૦૧૯ઈ.પી.કો.કલમ-૩૭૯

વાહન ચોરવાની મોડસ ઓપરેન્ડી

રાજ્યભરમાં વાહન ચોરી કરી પોલીસને હંફાવનાર પ્રાંતિજ તાલુકાના રાસલોડની સંજય ઉર્ફે લાલો જગદીશભાઈ બજાણીયા દહેગામ પોલીસના હાથે ઝડપાયો છે. જેમાં ૩૭ ગુનાનો ભેદ ઉકેલાયો છે ત્યારે પાર્ક કરેલા વાહનો ચોરવામાં વાહન ચોર તેની પાસે ડુપ્લીકેટ ચાવી રાખી વાહન ચોરીને અંજામ આપવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે.

પાલનપુરમાં યુવક પર છરી વડે હુમલો કરી કાન કાપી નખાયો

ઝઘડામાં છોડાવવા જતા ધક્કો વાગી જતા ઉશ્કેરાયેલા યુવકે માર મારી હુમલો કર્યો

હુમલાખોર એકજ મહોલ્લાના ત્રણ ભાઈ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ

પાલનપુર તા.૧૪

પાલનપુરની નાની બજાર વિસ્તારમાં રાત્રીના સમયે યુવકો વચ્ચે ઝઘડો થતા એક યુવક ટોળાને છોડાવવા વચ્ચે પડતા તોળા માં ઉભેલા એક યુવકને ધક્કો લાગી જતા તે ઉશ્કેરાય ગયો હતો યુવકને લાતો મારી તેની પાસે રહેલા છરી વડે હુમલો કરવા જતા યુવક ખસી જતા તેનો કાન કપાઈ જવા પામ્યો હતો જેને લઈ તેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુરના બારડપુરા વિસ્તારમાં આવેલ સલાટ વાસમાં રહેતો ૩૨ વર્ષીય યુવક રાત્રીના સમયે નાની બજાર માં મસ્જિદ માં નમાઝ પઢી ને ઉભો હતો દરમિયાન મસ્જીદ થી થોડે દુર ઝગડો થયા આ યુવક છોડાવવા જતા ટોળામાં ઉભેલ રમજાન રહીમભાઈ સલાટ રહે.બારડપુરા સલાટ વાસ પાલનપુર વાળા ને ધક્કો લાગી જતા તે ઉશેકરાઈ જઈ જુબેર સલાતને ગાળો બોલી તેના બે ભાઈ રજાક રહીમભાઈ સલાટ અને ગુલમહંમદ સલાટે ઝૂબેર સલાટ ને લાતોનો માર માર્યો હતો અને રમજા સલાટ છરી વડે હુમલો કરતા જુબેર ખસી જતા આ હુમલા માં છરી થી તેનો કાન કપાઈ જતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો બનાવ અંગે હુમલાખોર ત્રણ ભાઈ સામે પૂર્વ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવતા પોલીસે બનાવ ની તપાસ હાથ ધરી છે.